ડિજિટલ ગુજરાત પોર્ટલ

પરીપત્ર

જિનાની/વિજા/શિક્ષણ/૨૩-૨૪/105616
જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)ની કચેરી,
નર્મદા ભવન, સી-બ્લોક,બીજો માળ,
વડોદરા ૩૯૦૦૦૧
ફોન: ૦૨૬૫-૨૪૨૬૬૨૨
ઈ-મેલ-dydir-ddcw-vad@gujarat.gov.in
તા: ૨૨/૦૮/૨૦૨૩

... કચેરી, વડોદરા.
3058
04-8-23
કચેરીની સહી.....

પ્રતિ,

આચાર્યશ્રી,

..................................

..................................

..................................

વિષય:- **Digital Gujarat Portal** પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય /સાયકલ યોજનાઓના અમલ બાબત (વર્ષ ૨૦૨૩-૨૪)

**(Website: https://www.digitalgujarat.gov.in)**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

**Digital Gujarat Portal**માં હાલ વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજય સરકાર / ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ / ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષે **Digital Gujarat Portal**માં જે સામાન્ય સુધારા વધારા કરવામાં આવેલ છે તેની સમજ આ સાથેની માર્ગદર્શક સૂચનાઓના આધારે મેળવવાની રહેશે. (આ માર્ગદર્શિક આચાર્યશ્રીઓ પોતાના લોગીન માંથી પણ મેળવી શકે છે.) વર્ષ:૨૦૨૩-૨૪ના શૈક્ષણિક માટે તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન કરવાની રહેશે. આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ **Digital Gujarat Portal**માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છત્તા ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે. ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની એન્ટ્રી સ્ક્રીનમાં ફેરફાર કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એકવાર *Student Register* મેનુમાં જઇ *Edit Student Entry* પર ક્લીક કરી *Show* બટન ક્લીક કરી અપડેટ કરવી ફરજિયાત છે અને જેટલી વિગતો * **Mark** સાથે છે તે ભરવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓની સામે *Entry Completed or Not* કોલમમાં *Yes* લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર વર્ષ: ૨૦૨૩-૨૪ની ઓનલાઇન દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ સમયસર મોકલવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે.

**અત્રેના ખાતાની યોજના PM YASASVI Pre Matric Scholarship for OBC, EBC and DNT Students (GOI) માં ફરજિયાત વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ ભરી શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે તેમજ જરૂરી ડોક્યુમેન્ટ પોર્ટલ પર "Proposal Detail"માં જઇ વિદ્યાર્થીવાર અપલોડ પણ કરવાના રહેશે. આ બે યોજનામાં વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ અપલોડ થયા બાદ જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવી. વધુમાં જો આ શિષ્યવૃતિ યોજનાના ફોર્મ તથા આનુષાંગિક ડોક્યુમેન્ટ રાખવામાં નહિ આવેલ હોય અને તે અંગે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.**

**સરસ્વતી સાધના યોજના (સાયકલ સહાય)** અંતર્ગત ધો. ૯ ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પણ પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ *Cycle Scheme* મેનુમાં જઇ *Director Developing Caste Welfare* ઓપ્શનમાં જઇ * Proposal Cycle Detail * પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના આધાર/પુરાવા અપલોડ કર્યા બાદ જ Cycleની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે તથા બિડાણમાં જોડેલ પત્રક મુજબ તારીખવાઈઝ કામગીરી પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદની જવાબદારી જેતે શાળાની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

સરસ્વતી સાધના યોજનામાં આચાર્યશ્રી દ્વારા જે સાયકલની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ કરવામાં આવે, તે મંજૂર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબધિત ધો. ૯ ની કન્યાઓને સાયકલ વિતરણ કરવાની રહેશે. કન્યાઓને કઇ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય, સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની

કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જયારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઇ જાય અને સાયકલોનુ વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો *Cycle Scheme* મેનુમાં જઇ *Director Devloping Caste Welfare*માં જઇ *Update Cycle Detail* ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય.

<u>શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:</u>

૧. વર્ષ: ૨૦૨૩-૨૪ની ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in** મારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ *Forget Password* Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડીજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. શાળાઓએ પોતાની શાળાના વિકસતી જાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સિસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓટોમેટીક મૂકવામાં આવેલ છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ફરજિયાત ખરાઇ કરવાની રહે છે એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે. જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત **Delete** કરવાની રહેશે. <u>(વર્ષ:૨૦૨૩-૨૪ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર "Student Register" મેનુમાં જઇ "Edit Student Entry" પર ક્લીક કરી "Show" બટન ક્લીક કરી અપડેટ કરવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીઓની સામે "Entry Completed or Not" કોલમમાં "Yes" લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.)</u>

૫. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, **IFS Code**ની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિ / ગણવેશ સહાયની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે. શાળાએ એકવાર વિદ્યાર્થીની એન્ટ્રીમાં કરેલ બેંક ખાતુ ચાલુ હોય તેની ખાતરી કરી વિનંતી છે. જેની નોંધ લેશો.

૭. જે વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ હોય તેવા તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે. તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગતમાં સુધારો કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ એવા વિદ્યાર્થીની વિગતો Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધાર નંબરની મદદથી **Postal Payment Bank** માં *0* ઝીરો બેલેન્સથી તાત્કાલિક ખાતુ ખોલાવવા અંગેની કાર્યાવાહી કરવાની રહેશે.

૧૦. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિદ્યાર્થેઓના ખાતામાં શિષ્યવૃતિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે.

૧૧. ચાલુ વર્ષે જો કોઇ વિદ્યાર્થીઓને IFMS સીસ્ટમ મારફત Epayment કરતી વખતે Epayment Transaction Fail થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility ➔ Update Payment Failed Student Account મેનુ પર ક્લીક કરવાથી જોઇ શકાશે.

જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ / ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને *Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account* બટનપર ક્લીક કરી જોઇ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટીવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો *Update Bank Account (If Account / IFSC Code Wrong) * બટન પર ક્લીક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે. તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુંમાં વિદ્યાર્થી દેખાતા થયેથી તાત્કાલીક વિદ્યાર્થીની વિગતો અપડેટ કરી / સુધારી દિન-૨માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઇન મોકલી આપવાની રહેશે.

૧૨. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તાત્કાલીક બેંક ખાતા ખોલાવી લેવા. વાલીનો બેંક એકાઉન્ટ વધુમાં વધુ બે વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે.

૧૩. ધો. ૧ થી ધો. ૮ ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય ગણવેશ સહાયની પ્રપોઝલ ફરી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.

૧૪. જો અમુક શાળાઓમાં ધો. ૧ થી ૪, ધો. ૫ થી ૮, ધો. ૯ થી ૧૦, ધો. ૧૧-૧૨ની શાળા અલગ અલગ ચાલતી હોય અને તમામના ડાયસકોડ પણ અલગ અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી તેઓની "School Category" સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર "School Category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સુધારા વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૫. જો કોઇ શાળા વિદ્યાર્થીની એન્ટ્રી કરતા હોય અને *No Data Found From SSA Server* એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એન્ટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેટ કરાવવાની રહેશે ત્યારબાદ જ આવા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૬. ચાલુ વર્ષે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ આપના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને પણ મોનીટરીંગ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં **User ID / Password** આપવામાં આવશે. જેથી સમય મર્યાદામાં ચોકસાઇથી વિદ્યાર્થીની એન્ટ્રી, બેન્ક એકાઉન્ટની વિગતો તેમજ જે તે ખાતાની યોજનાઓ મુજબની ઓનલાઇન દરખાસ્તો કાળજી પૂર્વક અને સમયસર કરવાની રહેશે.

૧૭. જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.

૧૮. મુળ ગુજરાતના વિકસતી જાતિના વિદ્યાર્થીઓ હોય તેની જ ઓનલાઇન દરખાસ્ત થાય તે બાબતની તકેદારી પણ આચાર્યશ્રીઓએ રાખવાની રહેશે.

૧૯. આચાર્યશ્રીઓ દ્વારા જયારે વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો ભરવામાં આવે ત્યારે તે બેંક ખાતા વિદ્યાર્થીઓના જ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.

૨૦. આચાર્યશ્રીઓને તેઓના લોગીનના ડેશબોર્ડમાં જયારે માલુમ પડે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું થઇ ગયેલ છે ત્યારે વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

૨૧. ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

૨૨. બિડાણમાં જોડેલ પત્રક-અ,પત્રક-બ તથા માસવાર આયોજનની વિગતો આચાર્યશ્રીએ ધ્યાને લેવા વિનંતી.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

શાસનાધિકારીશ્રી
વડોદરા.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

જિલ્લા નાયબ નિયામક -
(વિકસતી જાતિ) વડોદરા

બિડાણ:

૧. અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક (પત્રક-અ અને પત્રક-બ)

૨. વર્ષ ૨૦૨૩-૨૪નું શાળાઓએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" અંગેનુ પત્રક

નકલ રવાના:-

૧.શાસનાધિકારીશ્રી, ગોવિંદરાવ મધ્યવર્તી સ્કુલ, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા
૨/- આપના હસ્તકની શાળાઓને જાણ કરવા સારૂ

૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અનાવીલ, ભવન, કારેલીબાગ, વડોદરા
૨/- આપના હસ્તકની શાળાઓને જાણ કરવા તથા આપની વેબસાઈટ પર મુકવા સારૂ.

3. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, રાજમહેલ રોડ, વડોદરા.
૨/- આપના હસ્તકની શાળાઓને જાણ કરવા સારૂ.

૪. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ, વડોદરા
૨/- આપના હસ્તકની શાળાઓને જાણ કરવા સારૂ.

નકલ સવિનય રવાના:

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, કોઠી બિલ્ડીંગ, વડોદરા
-જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, રાજમહેલ રોડ, વડોદરા

વર્ષ: ૨૦૨૩-૨૪માં **Digital Gujarat Portal** મારફત **Online** કરવાની થતી પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | ગણવેશ સહાય | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | BCK-76-77-85 Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | સા.શૈ.પ.વ. | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 2 | BCK-76-351-85 Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | આ.પ.વ. | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 3 | BCK-76 -85 Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | લઘુમતી | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 4 | BCK-136 - 140 Pre. Matric Scholarship (Std. 1 - 8) | વિચરતી-વિમુક્ત | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 5 | BCK-289 Pre. Matric Scholarship for OBC Most Backward Class (Std. 1 - 8) | અતિ પછાત / વધુ પછાત | ધો.૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ |
| 6 | PM YASASVI Pre Matric Scholarship for OBC, EBC and DNT Students (GOI) | **OBC, EBC & DNT** | ધો.૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૪૦૦૦/- | -------- | રૂ. ૨,૫૦,૦૦૦/- | સરકારી માધ્યમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ |
| 7 | **BCK-97 Free Cycle Scheme for SEBC & EBC Girls Students studying in Std :9 (Saraswati Sadhana Yojana)** | સા.શૈ.પ.વ. આ.પ.વ. | ધો.૯ | કન્યા | સાયકલ | | રૂ. ૬,૦૦,૦૦૦/- | સરકારી માધ્યમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ |

નોંધ: ક્રમનં: ૬ મુજબની યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની રકમ આધારબેઝ એટલેકે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા જ ચુકવવામાં આવશે જેથી તમામએ નોંધ લેવાની રહેશે.

**Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની સામાન્ય શરતો (પત્રક-બ)**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર)

| ક્રમ | ક્રમ નં પરની યોજનાઓ | સામાન્ય શરતો |
|---|---|---|
| ૧ | ૧, ૨, ૩, ૪, ૫ | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- **સરકારી પ્રાથમિક શાળાઓ / ગ્રાંટ-ઇન- એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ**માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૨ | ૬ | - સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં વાલીની આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ છે.<br>- **સરકારી માધ્યમિક શાળાઓ / ગ્રાંટ-ઇન- એઇડ શાળાઓ તથા આશ્રમશાળાઓ**માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.<br>- ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ વિદ્યાર્થીનીના જાતિના દાખલાની / જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની રહેશે.<br>- **સદરહુ યોજનામાં PFMS મારફતે વિદ્યાર્થીઓને DBT થી શિષ્યવૃત્તિનો લાભ આપવાનો હોઇ વિદ્યાર્થીનો આધારકાર્ડ સાથે બેંક એકાઉન્ટ Seeding ની પ્રકિયા પુર્ણ કરી આચાર્યએ પોતાના શાળાના લોગીનમા ચેક કરીને જે વિદ્યાર્થીઓના NPCI Server પર ACTIVE હોય તેવા વિદ્યાર્થીઓની જ પ્રપોઝલ Creat કરીને જિલ્લા કચેરીએ મોકલવાની રહેશે અન્યથા જો transaction failed જશે તો તેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવી.** |
| ૩ | ૭ | - ધો. ૯માં અભ્યાસ કરતી વિકસતી જાતિની કન્યાઓને આ લાભ આપવાનો રહેશે.<br>- સદરહું યોજનામાં વાલીની આવક મર્યાદા રૂ. ૬.૦૦ લાખ છે.<br>- ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ વિદ્યાર્થીનીના જાતિના દાખલાની / જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની રહેશે. |

અન્ય સૂચનાઓ:

- વિદ્યાર્થી ગુજરાતના નાગરીક હોવા જોઇએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.
- ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.
- જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે આવનાર વર્ષોમાં ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.
- આચાર્યશ્રીઓ દ્વારા જયારે વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો ભરવામાં આવે ત્યારે તે બેંક ખાતા વિદ્યાર્થીઓના જ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

## નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

**સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૩-૨૪ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું “માસવાર આયોજન” પત્રક**

| અ. | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | ઓગસ્ટ-૨૦૨૩ | (૧) ગત વર્ષ ૨૦૨૨-૨૩ની શાળાના લોગીનમાંથી કોઇ પ્રપોઝલ મોકલવાની બાકી હોય તો તે મોકલી આપવી. (તા:૧૦/૦૮/૨૦૨૩ સુધીમાં)<br>(૨) વર્ષ ૨૦૨૩-૨૪ માટે NIC દ્વારા ૧ ધોરણ અપગ્રેડ કરેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૧૦/૦૮/૨૦૨૩ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરવા. (વર્ષ:૨૦૨૩-૨૪ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર અપડેટ કરવી ફરજિયાત છે.) જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એન્ટ્રી ડિલીટ કરવી.<br>(૩) ધો: ૨ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી તા:૧૫/૦૮/૨૦૨૩ સુધીમાં હાયર ઓથોરીટીને સેન્ડ કરવી.<br>(૪) ધો:૧, ધો:૯ તેમજ બીજા નવા વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૩૧/૦૮/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | (૧) વર્ષ ૨૦૨૨-૨૩ની જિલ્લાના લોગીનમાં મળેલ પ્રપોઝલ મંજુર કરવી<br>(૨) વર્ષ ૨૦૨૨-૨૩ના કોઇ Payment ના થયા હોય કે ગ્રાન્ટના અભાવે પેન્ડીંગ હોય તેવા બિલો બનાવી વર્ષ:૨૦૨૨-૨૩ની તમામ કામગીરી તા.૧૦/૦૮/૨૦૨૩ સધીમાં પૂર્ણ કરવાની રહેશે.<br>(૩) તમામ શાળાઓને વર્ષ ૨૦૨૩-૨૪નો પરીપત્ર તા:૦૫/૦૮/૨૦૨૩ સુધીમાં મોકલી આપવો.<br>(૪) વર્ષ ૨૦૨૩-૨૪ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી કરવી અને IFMS/PFMSમાં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી. | (૧) પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગતવર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૩-૨૪ માટે પ્રપોઝલ બનાવવા મુકવા.<br>પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ તથા Digital Gujarat Portal તથા IFMS/PFMSના બીલોનુ તા:૧૦/૦૮/૨૦૨૩ સુધીમાં રીકન્સીલેશન કરવુ.<br>(૨) જે વિદ્યાર્થીઓનુ ગત વર્ષનુ શિષ્યવૃતિનુ ચૂકવણું તેઓના ખાતામાં સીધુ થયેલ હતુ તેઓને પ્રપોઝલ સીધી જ બની જાય તે રીતે પોર્ટલમાં ડેટા મુકવો. |
| 3 | સપ્ટેમ્બર ૨૦૨૩ | બાકી રહેલ વર્ષ ૨૦૨૩-૨૪ના નવા વિદ્યાર્થીઓની પ્રપોઝલો ક્રિએટ કરી તા:૧૫/૦૯/૨૦૨૩ સુધી Higher Authority ને સેન્ડ કરવી. | (૧) શાળાઓ તરફથી વર્ષ ૨૦૨૩-૨૪ની પ્રપોઝલ જેમ જેમ ઓનલાઇન મળતી જાય તેમ તેમ નિયમોનુસાર મંજુરીની કામગીરી કરવી. શાળાઓ સાથે સંકલન કરી | (૧) જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન / PFMS Status ચેક કરાવી પ્રપોઝલ બનવા માટે ઓપન કરાવવા. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તા:૧૫/૦૯/૨૦૨૩ સુધીમાં તમામ પ્રપોઝલ મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવી.<br>(૨) મંજુર કરેલ પ્રપોઝલના બિલો બનાવી Treasury કચેરીમાં રજુ કરવા / PFMS મારફત ચુકવણા કરવા.<br>(૩) વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય / સાયકલ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી તમામ વિદ્યાર્થીઓને તા:૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. | (૨) પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે E-payment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે.
- વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૨ (બે) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં જ ઉપયોગ કરી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે. જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે.
- જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.
- મુળ ગુજરાતના વિકસતી જાતિના વિદ્યાર્થીઓ હોય તેની જ ઓનલાઇન દરખાસ્ત થાય તે બાબતની તકેદારી પણ આચાર્યશ્રીઓએ રાખવાની રહેશે.

ક્રમાંક: ૩/પરચા/૨૦૨૩૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
કારેલીબાગ, વડોદરા.
તા. ૨૭/૦૮/૨૩
૨૮

શ/- જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

પ્રતિ,

આચાર્યશ્રી

સંબંધિત શાળાઓ

જિ. વડોદરા